RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 352 * Date: 12.10.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# મોદીએ કહ્યું-અમે બીજથી લઈને બજાર સુધી સુધારા કર્યા:પાછલી સરકારોએ ખેતીને છોડી દીધી



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે બપોરે દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (છઈ) ખાતે ?૩૫,૪૪૦ કરોડની બે મુખ્ય કૃષિ યોજનાઓ શરૂ કરી. તેમણે ?૧૧,૪૪૦ કરોડની પીએમ કઠોળ ઉત્પાદન મિશન યોજના અને ?૨૪,૦૦૦ કરોડની પીએમ ધાન્ય કૃષિ યોજનાનું ઉદ્ઘાટન કર્યું.મોદીએ કહ્યું, ×કૃષિ અને ખેતી હંમેશા આપણી વિકાસ યાત્રાનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે. સમય જતાં, એ જરૂરી છે કે કૃષિને સરકારી સમર્થન મળતું રહે. કમનસીબે, અગાઉની સરકારોએ કૃષિને છીડી દીધી હતી.×મોદીએ કહ્યું કે ૨૧મી સદીના ભારતને ઝડપથી વિકસાવતા રાખવા માટે આપણી કૃષિ વ્યવસ્થામાં સુધારો કરવો જરૂરી છે. આ કાર્ય ૨૦૧૪માં શરૂ થયું હતું. અમે પાછલી સરકારોના બેદરકાર વલણને બદલી નાખ્યું. બીજથી લઈને બજારો સુધી, અમે ખેડૂતોના હિત માટે અસંખ્ય સુધારા કર્યા.પીએમ મોદીએ કહ્યું, ×પહેલાની સરકારોએ દેશના ૧૦૦થી વધુ જિલ્લાઓને પછાત જાહેર કર્યા, પછી તેમને ભૂલી ગયા. અમે આ જિલ્લાઓ પર વિશેષ ધ્યાન આપ્યું અને તેમને મહત્વાકાંક્ષી જિલ્લાઓ જાહેર કર્યા.×તેમણે સંકલન, સહકાર અને સ્પર્ધાના મંત્રથી આ જિલ્લાઓમાં પરિવર્તન લાવ્યું. સ્વતંત્રતા પછી પણ, અહીંની ૨૦% વસાહતોમાં રસ્તાઓનો અભાવ હતો. આજે, આમાંથી મોટાભાગની વસાહતો રસ્તાઓથી જોડાયેલી છે.પહેલાં, અહીંના ૧૭% બાળકોને રસીકરણનો લાભ મળતો ન હતો, પણ આજે મળી રહ્યો છે. ૧૫% થી વધુ શાળાઓમાં વીજળી નહોતી, પરંતુ હવે, આ યોજના હેઠળ, દરેક શાળાને વીજળી કનેક્શન આપવામાં આવ્યું છે.પીએમએ કહ્યું, ×દુધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે. ભારત વિશ્વમાં બીજા ક્રમનો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે. ૨૦૧૪ની સરખામણીમાં મધનું ઉત્પાદન પણ બમણું થયું છે. છેલ્લા ૧૧ વર્ષમાં ઈંડાનું પ્રોડક્શન પણ બમણું થયું છે.×તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં ભારતની કૃષિ નિકાસ લગભગ બમણી થઈ ગઈ છે. અનાજનું ઉત્પાદન લગભગ ૯૦ મિલિયન મેટ્રિક ટન વધ્યું છે. ફળ અને શાકભાજીનું ઉત્પાદન ૬૪ મિલિયન મેટ્રિક ટનથી વધુ વધ્યું છે.છેલ્લા ૧૧વર્ષમાં, દેશમાં ૬ મુખ્ય ખાતર પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. ખેડૂતોને ૨.૫ કરોડથી વધુ માટી આરોગ્ય કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. સૂક્ષ્મ સિંચાઈ સુવિધાઓ ૧ કરોડ હેક્ટર સુધી વિસ્તરી છે. પીએમ પાક વીમા યોજનાથી લગભગ ૨ લાખ કરોડ રૂપિયાના દાવા મળ્યા છે.પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં ૧૦૦૦૦થી વધુ ખેડૂત ઉત્પાદક સંગઠનો ( હ્લ) ની રચના કરવામાં આવી છે. આ વર્ષો દરમિયાન, દેશના ખેડૂતોએ ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે.આજે દેશનો સ્વભાવ એવો બની ગયો છે કે આપણે ફક્ત થોડી સિદ્ધિઓથી સંતુષ્ટ નથી. જો આપણે વિકસિત બનવા માંગતા હોઈએ તો આપણે દરેક ક્ષેત્રમાં સતત સુધારો કરતા રહેવું જોઈએ. પીએમ ધન-ધન્ય કૃષિ યોજના આ વિચારસરણીનું પરિણામ છે.

## પશ્ચિમ બંગાળમાં ફરી મેડિકલની વિદ્યાર્થિની પર ગેંગરેપ:મિત્ર સાથે ડિનર પર ગઈ હતી; પરત ફરતી વખતે યુવાનોએ રસ્તામાં રોકી બળાત્કાર કર્યો

ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ કોલકાતાના આરજી કર મેડિકલ કોલેજમાં જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને હત્યા બાદ, દેશભરના ડોક્ટરોએ વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ ફોટો તે સમયનો છે.પશ્ચિમ બંગાળના પશ્ચિમ વર્ધમાન જિલ્લાના દુર્ગાપુરમાં શુક્રવારે મેડિકલની એક વિદ્યાર્થિની પર ગેંગરેપ થયો હતો. વિદ્યાર્થિની તેના મિત્ર સાથે ડિનર પર ગઈ હતી. પરત ફરતી વખતે, કેટલાક યુવકોએ તેને રસ્તામાં અટકાવી હતી. ત્યારબાદ તેઓએ વિદ્યાર્થિની પર ગેંગરેપ કર્યો.પોલીસે શનિવારે જણાવ્યું હતું કે ઓડિશાના જલેશ્વરનો રહેવાસી પીડિતા દુર્ગાપુરની એક ખાનગી મેડિકલ કોલેજમાં બીજા વર્ષની વિદ્યાર્થિની હતી. આ ઘટના મેડિકલ કોલેજ કેમ્પસની બહાર બની હતી. મેડિકલ વિદ્યાર્થિનીની નજીકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.વિદ્યાર્થિની પર સામૂહિક બળાત્કાર રાત્રે ૮:૩૦ થી ૯:૦૦ વાગ્યાની વચ્ચે થયો




હોવાનું કહેવાય છે. વિદ્યાર્થિનીના માતા-પિતા આજે સવારે દુર્ગાપુર પહોંચ્યા હતા. વિદ્યાર્થિનીના પિતાએ કહ્યું, ×અમે અમારી પુત્રીને અહીં મેડિકલનો અભ્યાસ કરવા મોકલી હતી. અમે સાંભળ્યું હતું કે કોલેજ સારી છે, પરંતુ અહીં કોઈ સુરક્ષા વ્યવસ્થા નથી.×પીડિતાના માતા-પિતાની ફરિયાદના આધારે, દુર્ગાપુર ન્યુ ટાઉન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું કે વિદ્યાર્થિનીનું નિવેદન નોંધવામાં આવ્યું છે અને તપાસ ચાલુ છે. આ કેસમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કરવામાં આવી નથી કે ધરપકડ કરવામાં આવી નથી. પોલીસ મેડિકલ કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થિનીના મિત્રની પણ પૂછપરછ કરી રહી છે.પશ્ચિમ બંગાળમાં મેડિકલ સ્ટુડન્ટ પર થયેલા ગેંગરેપની ઘટનાએ ૨૦૨૪ના આરજી કર કેસની યાદો તાજી કરી દીધી છે. ૮-૯ ઓગસ્ટની રાત્રે કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર કરીને હત્યા કરવામાં આવી હતી.૯ ઓગસ્ટના રોજ સવારે સેમિનાર હોલમાં ડોક્ટર યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે સંજય રોય નામના સિવિક વોલંટિયરની ધરપકડ કરી હતી. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ ઘટનાથી કોલકાતા અને દેશમાં આક્રોશ ફેલાયો હતો. બંગાળમાં બે મહિનાથી વધુ સમય સુધી મોડિકલ સેવાઓ ખોરવાઈ ગઈ હતી.

## નવજોત સિદ્ધુ અચાનક પ્રિયંકા ગાંધીને મળ્યા: પત્નીએ ચૂંટણી લડવાની જાહેરાત કરી છે

પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુએ ફરી એકવાર પંજાબના રાજકારણમાં હલચલ મચાવી દીધી છે. સિદ્ધુ દિલ્હીમાં અણધારી રીતે પ્રિયંકા ગાંધીને મળ્યા. ત્યારબાદ, સિદ્ધુએ સોશિયલ મીડિયા પર એક ફોટો પોસ્ટ કરીને લખ્યું, ×મારા માર્ગદર્શક, દીવાદાંડી અને સંરક્ષક દેવદૂતને મળ્યો. આ મુશ્કેલ અને પડકારજનક સમયમાં તેમના સમર્થન માટે હું તેમનો અને ભાઈનો આભારી છું.×આ મુલાકાતને મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે નવજોત સિંહ સિદ્ધુના પત્ની ડૉ. નવજોત કૌર સિદ્ધુએ અમૃતસર બેઠક માટે ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી છે. તેઓ પણ આ ક્ષેત્રમાં એક્ટિવ થઈ ગયા છે, લોકોને મળી રહ્યા છે. રાજ્યમાં ૨૦૨૭ માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે.સિદ્ધુ કેટલીવાર રાજકારણમાં આવશે, કેટલી વાર છોડીને ગયા છે. ન તો હું પ્રિયંકા



ગાંધીની એપોઈન્ટમેન્ટ લઈને આવું છું, ન તો તેઓ મને પૂછ્યા વિના મળે છે. ક્યારેક તે કહે છે કે તેને શોમાં હાજરી આપવી પડશે, તો ક્યારેક તે પંજાબના એજન્ડાની ફાઇલ પરથી ધૂળ સાફ કરે છે. નવજોત સિંહ સિદ્ધુને શુભકામનાઓ.સિદ્ધુની આ મુલાકાતથી પંજાબ કોંગ્રેસમાં પણ ખળભળાટ મચી ગયો છે. કોંગ્રેસ પહેલાથી જ અનેક જૂથોમાં વહેંચાયેલી છે, જેમાં મુખ્ય અમરિંદર સિંહ રાજા વડિંગ અને વિપક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવાનો સમાવેશ થાય છે. લુધિયાણાથી સાંસદ તરીકે ચૂંટાયા બાદ, રાજા વડિંગ મુખ્યમંત્રી પદની જવાબદારી પણ સંભાળે છે. પરિણામે, રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે હાઈકમાન્ડ સિદ્ધુ પરિવારને બીજી મોટી જવાબદારી આપીને આશ્ચર્યચકિત કરી શકે છે.

તંત્રી સ્થાનેથી..

## ઈક્વિટી ફંડોમાં થતાં રોકાણમાં ૯ ટકાનો ઘટાડો

મ્યુચ્યુઅલ ફંડોમાં સપ્ટેમ્બર ૨૦૨૫ મહિનામાં કુલ રોકાણ પ્રવાહ આવકને બદલે નેટ રૂ.૪૩,૧૪૬ કરોડની જાવકનો નેગેટીવ નોંધાયો છે. જે ઓગસ્ટમાં રૂ.૫૨,૪૪૩ કરોડ પોઝિટીવ રહ્યો હતો, આમ એસોસીયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી) દ્વારા જાહેર થયેલા આંકડા મુજબ માસિક ધોરણે ૧૮૨ ટકાનો ઘટાડો નોંધાયો છે, જે ચાલુ નાણાકીય વર્ષમાં પ્રથમ વખત કુલ ધોરણે નેગેટીવ પ્રવાહ રહ્યો છે. સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) થકી થતું રોકાણ ઓગસ્ટના રૂ.૨૮,૨૬૫ કરોડની તુલનાએ સપ્ટેમ્બરમાં ૪ ટકા વધીને રૂ.૨૯,૩૬૧ કરોડ નોંધાયું છે.

જો કે, ઈક્વિટી ફંડોમાં ચોખ્ખું રોકાણ ઓગસ્ટના રૂ.૩૩,૪૩૦ કરોડની તુલનાએ સપ્ટેમ્બર ૨૦૨૫માં ૯ ટકા ઘટીને રૂ.૩૦,૪૨૨ કરોડ નોંધાયું છે. મ્યુચ્યુઅલ ફંડોની કુલ નેટ એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) સપ્ટેમ્બરના રૂ.૭૫.૬૧ લાખ કરોડ રહી છે. જે માસિક ધોરણે ૦.૫૩ ટકા વધી છે. જ્યારે ઈક્વિટી એયુએમ રૂ.૩૩.૧ લાખ કરોડની તુલનાએ ૧.૮૧ ટકા વધીને રૂ.૩૩.૭ લાખ કરોડ રહી છે.ફ્લેકી-કેપ ફંડોમાં રોકાણ પ્રવાહ રૂ.૭૦૨૯ કરોડ નોંધાયું છે, ત્યાર બાદ મિડ કેપ ફંડોમાં રૂ.૫૦૮૫ કરોડ અને સ્મોલ કેપ ફંડોમાં રૂ.૪૩૬૩ કરોડ રોકાણ પ્રવાહ નોંધાયો છે.લાર્જ અને મિડ-કેપ ફંડોમાં રોકાણ પ્રવાહ રૂ.૩૮૦૫ કરોડ અને મલ્ટી કેપ ફંડોમાં રૂ.૩૫૬૦ કરોડ નોંધાયું છે. લાર્જ કેપ ફંડોમાં રૂ.૨૩૧૯ કરોડ નોંધાયું છે. જ્યારે સેક્ટરલ/થીમેટિક ફંડોમાં રોકાણ ઓગસ્ટના રૂ.૩૮૯૩ કરોડની તુલનાએ ઘટીને રૂ.૧૨૨૧ કરોડ રહ્યું છે. વેલ્યુ/કોન્ટ્રા ફંડોમાં સતત રૂ.૨૧૦૮ કરોડ જાવક રહી છે.ગોલ્ડ ઈટીએફમાં ઓગસ્ટના રૂ.૨૧૯૦ કરોડની તુલનાએ સપ્ટેમ્બરમાં રૂ.૮૩૬૩ કરોડનો જંગી રોકાણ પ્રવાહ નોંધાયો છે. લિક્વિડ ફંડોમાં જંગી રૂ.૬૬,૦૪૨ કરોડની જાવક નોંધાઈ છે. જેમાં મની માર્કેટ ફંડોમાં રૂ.૧૭,૯૦૦ કરોડની જંગી જાવક રહી છે. સંસ્થાકીય રોકાણકારોએ મોટાપાયે રોકાણ પાછું ખેંચ્યું છે.

# માંગ વધતા સપ્ટેમ્બરમાં ૧૩.૨૦ કરોડ વિક્રમી ઈ-વે બિલ જનરેટ થયા




મુંબઈ : દેશના રાજ્યોની અંદર અથવા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં રૂપિયા ૫૦,૦૦૦થી વધુની કિંમતના માલસામાનની હેરફેર માટે જનરેટ કરવાની રહેતી ઈલેક્ટ્રોનિક પરમીટ એટલે કે ઈ-વે બિલ્સની સંખ્યા સપ્ટેમ્બરમાં ૧૩.૨૦ કરોડ સાથે અત્યારસુધીની વિક્રમી રહી છે.

ગયા વર્ષના સપ્ટેમ્બરની સરખામણીએ વર્તમાન વર્ષના સપ્ટેમ્બરના ઈ-વે બિલ્સની સંખ્યામાં ૨૧.૧૦ ટકા વધારો જોવાયો છે, પરંતુ ઓગસ્ટની સરખામણીએ આ સંખ્યા માત્ર ૨.૨૦ ટકા જેટલી જ વધુ છે એમ ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી) નેટવર્કના ડેટા પરથી જણાય છે.

વર્તમાન વર્ષના જુલાઈમાં ૧૩.૧૯ કરોડ ઈ-વે બિલ્સ જનરેટ કરાયા હતા જે અત્યારસુધીની બીજી સૌથી મોટી સંખ્યા છે. મજબૂત માગને પગલે નવરાત્રીના તહેવાર પહેલા તથા દરમિયાન માલસામાનની રવાનગીમાં થયેલા વધારાને કારણે ઈ-વે બિલ્સની સંખ્યા ઊંચી રહી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. દેશમાં જીએસટી મારફતની આવકમાં પણ વર્તમાન નાણાં વર્ષમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

સપ્ટેમ્બરમાં દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ પણ જોરદાર જોવા મળી છે. ઉત્પાદન ક્ષેત્રનો પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) ૫૭.૭૦ રહ્યો હતો અને ૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. ઉત્પાદન ક્ષેત્રના વિસ્તરણ માલસામાન માટેની માગ ઊંચી રહી હોવાના સંકેત આપે છે.

સરકારે જીએસટીના દરમાં ૨૨ સપ્ટેમ્બરથી ઘટાડો લાગુ કર્યા બાદ સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહમાં માલસામાનની હેરફેરમાં વધારો થયાનું કહી શકાય એમ છે. નવરાત્રીના સમયમાં ખાસ કરીને કન્ઝયૂમર ડ્યૂરેબલ્સ, એસી, ટીવી, સહિતના માલસામાનની ઊંચી માગ જોવા મળી હતી. ઈ-વે બિલ્સની સંખ્યામાં વધારાનો અર્થ કરદાતાઓ વેરાની ચૂકવણીમાં ફરજપાલન કરતા હોવાનું કહી શકાય છે એમ એક વેરા નિષ્ણાતે જણાવ્યું હતું

## અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા વિકાસનું સ્વાગત કરાયું



અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં અણિયોર મોલ્લીલ માલપુર કાસવાડા ગાજણ ગામોમાં ગુજરાત સરકારના વિકાસ સપ્તાહ ૨૦૨૫ અંતર્ગત વિકાસ રથનું ઉત્સાહપૂર્વક અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

લોકોને સરકારના ઉત્તમ વિચાર ગુજરાત સરકાર ગ્રામીણ વિકાસ અને જન કલ્યાણ માટે સતત પ્રયાસરત છે વિકાસ રસ દ્વારા ગામડાઓમાં સરકારની યોજનાઓની માહિતી પહોંચાડીને લોકોને સશક્ત બનાવવાનો ઉદ્દેશ છે જેનાથી સ્થાનિક સમુદાયોમાં સકારાત્મક ફેરફાર લાવી શકાય અંગે પણ મહાનુભાવો એ જણાવ્યું હતું

માલપુર તાલુકામાં આયોજિત આ કાર્યક્રમમાં તાલુકાના પદાધિકારીઓ અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ દરમિયાન વિકાસ રથ દ્વારા લોકોને સરકારી યોજનાઓનો લાભ અને તેના અમલીકરણની પ્રક્રિયા વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી આ જાણકારીથી ગામડાઓમાં વિકાસની ઝુંબેશને નવી દિશા મળી છે અને લોકો પોતાના વિકાસમાં સક્રિય ભાગીદારી નિભાવવા તૈયાર થઈ રહ્યા છે ખાસ કરીને પશુપાલન સંબંધિત યોજનાઓ એ ખેડૂતોમાં ખાસ રુચિ જગાવી છે

# અમેરિકાના રાજદૂત ભારત પહોંચ્યા, ટ્રમ્પના ટેરિફ વચ્ચે જયશંકર સાથે કયા મુદ્દે થઈ વાતચીત

ભારત-અમેરિકા વચ્ચે ચાલી રહેલા વેપાર તણાવ વચ્ચે અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે શનિવારે નવી દિલ્હીમાં વિદેશ મંત્રી એસ જયશંકર સાથે મુલાકાત કરી છે. આ મુલાકાત દરમિયાન બંનેએ ભારત-અમેરિકાના સંબંધો અને તેના વધતા જતાં વૈશ્વિક મહત્વ વિશે ચર્ચા કરી હતી. એસ. જયશંકરે આ અંગે ઠ પર પોસ્ટ કરી માહિતી આપી હતી. તેમણે પોસ્ટમાં લખ્યું હતું કે, 'આજે નવી દિલ્હીમાં હાલમાં ચૂંટાયેલા યુએસ રાજદૂત-સર્જિયો ગોરને મળીને આનંદ થયો. અમે ભારત-અમેરિકાના સંબંધો અને તેના વૈશ્વિક મહત્વ વિશે ચર્ચા કરી. તેમને તેમના નવા કાર્યકાળ માટે શુભકામનાઓ.'વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ આજે ??સવારે ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર સાથે મુલાકાત કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ઠ પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે, 'વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ આજે ??સવારે અમેરિકાના નિયુક્ત રાજદૂત સર્જિયો ગોર સાથે મુલાકાત કરી. તેઓએ ભારત-અમેરિકાના વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી અને તેની સહિયારી પ્રાથમિકતાઓ પર ઉપયોગી ચર્ચા કરી હતી. વિદેશ સચિવે ગોરને તેમના કાર્યકાળ માટે શુભેચ્છા પાઠવી હતી.'જયશંકરે પણ ૨૪ સપ્ટેમ્બરના રોજ ન્યૂયોર્કમાં રાષ્ટ્ર મહાસભા સત્રના સાઈડલાઈનમાં ગોર સાથે મુલાકાત કરી હતી. જેમાં બંને નેતાઓએ ભારત-અમેરિકાની વ્યૂહનૈતિક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા પર ચર્ચા કરી હતી. મુલાકાત બાદ અમેરિકાના વિદેશ વિભાગે આ અંગે માહિતી આપી હતી. તે મુજબ, દક્ષિણ અને મધ્ય એશિયા માટે અમેરિકાના વિશેષ દૂત અને ભારતમાં રાજદૂત સર્જિયો ગોરે યુનાટેડ નેશન્સ કાઉન્સિલ દરમિયાન ભારતના વિદેશ મંત્રી જયશંકર સાથે મુલાકાત કરી હતી. અમેરિકા-ભારત સંબંધોની સફળતાને પ્રોત્સાહન આપવા માટે બંને તત્પર હોવાનું જણાવ્યું હતું.અગાઉ ગોરે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની ગાઢ મિત્રતા પર પ્રકાશ પાડ્યો હતો, અને તેમણે દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવામાં એક અનોખી તાકાત દર્શાવી હોવાનું જણાવ્યું હતું. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી છે. ટ્રમ્પે ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે, જેનાથી વેપાર પર અસર પડી છે. ટ્રમ્પ રશિયા પાસેથી ભારતની ક્રૂડ આયાતથી નારાજ છે, જ્યારે ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે રાષ્ટ્રીય હિતમાં પગલાં લેવાનું ચાલુ રાખશે.

# રાહુલ ગાંધી માટે નોબેલ પારિતોષિકની માગ? કોંગ્રેસ નેતાએ કહ્યું - મચાડો જેવું જ કરે છે કામ

વેનેઝુએલાના વિપક્ષના નેતા મારિયા કોરિના મચાડોને આ વર્ષે શાંતિનો નોબેલ પુરસ્કાર મળ્યા બાદ કોંગ્રેસના પ્રવક્તા સુરેન્દ્ર રાજપૂતે તેમની તુલના કોંગ્રેસના નેતા અને લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી સાથે કરી હતી. રાજપૂતે સંકેત આપ્યા હતા કે જેમ મચાડોએ તેમના દેશમાં લોકશાહીના અધિકારો માટે સંઘર્ષ કરવા પર સન્માન મળ્યું હતું, તેવી જ રીતે રાહુલ ગાંધી પણ ભારતમાં બંધારણને બચાવવાની લડાઈ લડી રહ્યા છે.





રાજપૂતે એક્સ હેન્ડલ પર મચાડો અને રાહુલની તસવીરો પોસ્ટ કરતાં લખ્યું કે,' આ વર્ષે નોબેલ શાંતિનો પુરસ્કાર વેનેઝુએલાની વિપક્ષની નેતાને બંધારણનું રક્ષણ કરવા માટે મળ્યું છે. ભારતના વિપક્ષના નેતા રાહુલ ગાંધી દેશના બંધારણને બચાવવાની લડાઈનું નેતૃત્વ કરી રહ્યા છે'. નોબેલ સમિતિએ મચાડોને 'તાનાશાહીથી લોકશાહીમાં શાંતિપૂર્ણ બદલાવ' અને 'લોકતાંત્રિક અધિકારોના પ્રત્યે અડગ પ્રતિબદ્ધતા' માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે થયેલી ચૂંટણીમાં છેતરપિંડીનાના આરોપ બાદ છૂપાઈને રહેવું પડ્યું હતું, છતાં તે વેનેઝુએલાના વિપક્ષને એકતામાં રાખવામાં સફળ રહી. ત્યાં, ભારતમાં કોંગ્રેસનું કહેવુ છે કે રાહુલ ગાંધી હાલની એનડીએ સરકાર વિરુદ્ધ સંઘર્ષ કરી રહ્યો છે. તે હાલના મહિનામાં 'વોટ ચોરી', બિહારમાં યાદીમાંથી મતદારોનાં નામ હટાવા, ઈવીએમ હેકિંગ, પછાત વર્ગો માટે અનામત સમાપ્ત કરવાનું કાવતરું જેવા મુદ્દા ઉઠાવી ચૂક્યા છે. ઈન્ડિયા ગઠબંધન પછી વિપક્ષ મોદી સરકાર વિરુદ્ધ અડગ અને એક છે. વિપક્ષનો આરોપ છે કે દેશમાં બેરોજગારી વધી છે, અર્થતંત્ર નબળું પડ્યું છે, લઘુમતીઓ અને અનુસૂચિત જાતિના અધિકારો પર તરાપ મારવામાં આવી છે અને અસંમતિના અવાજને દબાવવામાં આવી રહ્યા છે. રાહુલ ગાંધીએ અનેક વાર કહી ચૂક્યા છે કે ભારતમાં લોકશાહી અને લોકશાહી સંસ્થાઓ જોખમમાં છે

# ચોટીલા માર્કેટિંગ યાર્ડમાં દિવાળી વેકેશનની જાહેરાત, તહેવારને પગલે ૧૦ દિવસ બંધ રાખવાનો નિર્ણય



દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે. એવામાં ચોટીલા માર્કેટિંગ યાર્ડના સત્તાધીશો દ્વારા ખેડૂતો અને વેપારીઓ માટે એક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. તહેવાર નિમિત્તે વેપારીઓ અને ખેડૂતો પોતાના પરિવાર સાથે સમય વિતાવી શકે તે હેતુથી, યાર્ડમાં દસ દિવસનું લાંબુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન જણસની ખરીદ-વેચાણની તમામ કામગીરી સંપૂર્ણપણે બંધ રહેશે.ચોટીલા માર્કેટિંગ યાર્ડ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર કાર્યક્રમ મુજબ, વેકેશનની શરૂઆત તારીખ ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫થી થશે. આ રજાઓ સતત દસ દિવસ સુધી ચાલશે અને તેની ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી રહેશે. આ દસ દિવસ દરમિયાન માર્કેટિંગ યાર્ડમાં કોઈ પણ પ્રકારની જણસની આવક કે હરાજી થશે નહીં. યાર્ડમાં કાર્યરત તમામ કર્મચારીઓ, વેપારીઓ અને અન્ય સહાયક સ્ટાફ આ લાંબી રજાઓનો લાભ લઈને પોતાના વતન જઈને ઉત્સાહભેર તહેવારની ઉજવણી કરી શકશે.માર્કેટિંગ યાર્ડ દ્વારા વહેલી જાહેરાત કરવામાં આવતા, ચોટીલા અને આસપાસના વિસ્તારોના ખેડૂતો અને વેપારીઓને પોતાનું કામકાજ સમયસર આયોજિત કરવા માટે પૂરતો સમય મળી ગયો છે.ખેડૂતોને પોતાની જણસ વેચવા માટે ૧૭ ઓક્ટોબર પહેલાનો અથવા તો વેકેશન પૂરું થયા પછીનો સમય નક્કી કરવા અપીલ કરવામાં આવી છે. તેવી જ રીતે, વેપારીઓએ પણ તહેવાર દરમિયાનની માંગને પહોંચી વળવા માટે સ્ટોકનું આગોતરું આયોજન કરવું પડશે. દસ દિવસની આ રજાઓ પછી નવા કામગીરી ફરી શરૂ કરવામાં આવશે.

## અરવલ્લી બ્રેકિંગ : શામળાજી ફોરેસ્ટ ચેકપોસ્ટ પાસે લીલા વૃક્ષ કાપી લઈ જતું ટ્રેક્ટર ઝડપાયું

અરવલ્લી જિલ્લાના શામળાજી તાલુકામાં વનવિભાગ સામે ફરી એક વાર ગંભીર બેદરકારીનો મામલો સામે આવ્યો છે. શામળાજી આશ્રમ પાસેથી લીલા વૃક્ષો કાપીને લઈ જતું ટ્રેક્ટર શામળાજી ફોરેસ્ટ ચેકપોસ્ટના કર્મચારી પ્રદીપ ચૌહાણ તથા ચેતના બા વાઘેલા દ્વારા ઝડપી લેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.મળતી માહિતી મુજબ, ટ્રેક્ટર નંબર ય્ન-૦૯-છ઼ઁ-૧૧૮૦ લાખો રૂપિયાના લીલા લાકડાના મુદ્દામાલ સાથે ઝડપાયું છે. ટ્રેક્ટરનો ડ્રાઈવર તથા સાથે રહેલા મજૂરોને પણ વનવિભાગ દ્વારા કાબૂમાં લેવામાં આવ્યા છે.સરકાર એક બાજુ પર્યાવરણ બચાવ અને વૃક્ષ વાવેતર માટે સતત અભિયાન ચલાવી રહી છે, પરંતુ બીજી બાજુ એવા બનાવો સામે આવતા વિભાગની કામગીરી પર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે. વૃક્ષ છેદનને રોકવામાં વનવિભાગ નિષ્ફળ જઈ રહ્યું છે, તેવી લોકોમાં ભારે ચર્ચા ચાલી રહી છે.આ ઘટનાને લઈ લોકમુખે એવી પણ ચર્ચા ચાલી રહી છે કે ક્યાંક આ મામલે "કુલડીમાં ગોળ ભગાવવાનો" પ્રયાસ તો નથી થયો? કારણ કે ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ દ્વારા પકડાયેલ ટ્રેક્ટરની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આનાકાની જોવા મળી રહી છે.વનવિભાગ દ્વારા લાખો રૂપિયાના લીલા લાકડાની સાથે ઝડપાયેલ ટ્રેક્ટર હાલ તપાસ હેઠળ છે.



આજે તા.૯-૧૦-૨૦૨૫ સવારે ૯-૩૦ વાગે ગાયત્રી મંત્રોચ્ચાર પ્રાર્થના સાથે દિપ પ્રાગ્ટય દ્વારા દિવ્યાંગ બાળકોના વિકાસાર્થે × લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨મ્ર ના મેન્ટલ હેલ્થ અવરનેસ કાર્યક્રમ અંતર્ગત સતત કાર્યરત સ્મિત ચાઈલ્ડ એડયુકેશન ટ્રસ્ટ અખબારનગર, નવા વાડજ દ્વારા શરદોત્સવ પૂનમના ગરબાનું આયોજન,વેરાઈ માતાનું મંદિર,વિજયનગર પાસે,નારણપુરા,અમદાવાદ ખાતે ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલ, આશાપલ્લી, સેટેલાઈટ તેમજ અન્ય સામાજિક સંસ્થાઓના સહયોગ દ્વારા કરવામાં આવેલ. મુખ્ય મહેમાન લાયન આશાબેન બ્રહ્મભટ્ટ, મ્યુનિસિપલ કાઉન્સિલર તથા ડીસ્ટ્રીક ચેરપર્સન, કેબિનેટ સેક્રેટરી લાયન વિપુલ દવે,રેખાબેન અસરાની ડિસટીક ફાઈનાન્સ, ડિસટીક ચેર પર્સન દિપક શાહ ય્જી હાજર રહ્યા હતા. દરેક મનોદિવ્યાંગ બાળકોને ટોકન ઈનામ આપવામાં આવ્યા.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 215.**
વિષય : ''ચહેરાની પરિભાષા"
શીર્ષક : "જેવું હોય એવું ચહેરો કહે છે"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દો:- ૬૫.

પરિભાષા ચહેરાની ચહેરે વહે છે,
જેવું હોય,એવું જ ચહેરો કહે છે.

વેણમાં મીઠા શબ્દો ભલે ઝરે છે,
ચહેરો કહે, માંહે કટુતા ઉભરે છે,

સુંદર ચહેરો વિંછીની જેમ ડહે છે,
પરિભાષા ચહેરાની,ચહેરે વહે છે.

બહુરૂપી હોય,ન ચહેરા પર જાશો,
ગરજ સરતા દિલ પર ચોટ ખાશો,

ચહેરાને ચાહીને, ઉંર કષ્ટ સહે છે,
પરિભાષા ચહેરાની ચહેરે વહે છે.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★

**NOG SSN 0089**
વિષય ચહેરાની પરિભાષા
શીર્ષક. આયનો
ગદ્ય શબ્દો ૧૭૦

'' આયના તું સચ બતાદે મુજસે મેરી પહેચાન કરા દે''
જે મુખ પર આટલો બધો ગર્વ કરો છોતે તમે નરી આંખે નિરખી શકતા નથી. જો માનવે પોતાની બુદ્ધિથી આયનાનું સર્જન ન કર્યું હોત તો ?
આપણા અંતરમાં ચાલતી ઉથલ પાથલની પ્રતિક્રિયા મુખ પર અંકિત થાય છે. જો અંતરમાં ખુશી ફેલાઈ હશે તો મુખ ઝળહળતું જણાશે. જો ચિંતા કોરી ખાતી હશે તો મુખ પરની તાણ અજાણી વ્યક્તિ પણ નિહાળી શકશે. તમારે વાણીનો વ્યય નહીં કરવો પડે. મુખ પરની કરચલી તેમ જ ખેંચાયેલા ભવાં ચાડી ખાશે.

મનમાં શાંતિ અને દિલમાં સમતા તમારા મુખને હંમેશ પ્રસન્નતાનો અનુભવ કરાવશે. માનવીનો ચહેરો શરીરનો આકર્ષક હિસ્સો છે. ચહેરા પરથી મનુષ્યને સુંદર રીતે પારખી શકાય.
જો એ ચહેરા પર કોઈ પણ પ્રકારનું મહોરું પહેર્યું હશે તે લાંબો સમય નહીં ટકી શકે. વિચિત્ર લાગતો મુખવટો અસલિયત રજૂ કરશે. અનુભવી લોકો ચહેરાની પરિભાષા શુંદર રીતે વાંચી શકતા હોય છે. કુદરતનું આપેલું વરદાન એટલે માનવીનો ચહેરો''.
આયનાની મદદ મારફત પોતાની જાતને મળો. આડંબરથી અળગા રહો. ઈશ્વરે વણમાગે આપેલા ઉપહારને આભાર સહિત સ્વીકારો .
પ્રવિણા કડકિઆ ( અમેરિકા)

★★★★★★★

**NOG SS NO. 340**
વિષય: ચેહરાની પરિભાષા
શીર્ષક: આવરણ
પ્રકાર: પદ્ય
શબ્દો:૧૦૧

ક્યાંક અંકિત છે રેખા કોઈ, ક્યાંક છલકાય ભાવ,
ક્યાંક હાસ્યની સરિતા વહે છે, ક્યાંક ઊંડો ઘાવ.

આમ જોઈએ તો ફક્ત છે, માંસ-રક્તનું આવરણ,
પણ અંદર છે છુપાયેલું, અનેક લાગણીનું આવરણ.

?ચહેરાની આંખોમાં ક્યારેક છલકે છે સપનાઓ,
ક્યારેક એ જ આંખો ભીની કરે, પીડાથી બધી સપનાઓ.

હોઠ ક્યારેક મૌન હોય છે, ને ક્યારેક ગીત ગાય,
હર પળ એક નવી વાત કહે છે, પળે ગીત મજાનું ગાય.

?નાક, કાન ને કપાળની છે સુંદર રચના,
પણ દરેક વળાંકમાં છુપાઈ છે, જીવનની સંરચના.

ભલે બદલાય ઉંમર સાથે, રંગ રૂપ ને આકાર,
પણ ઓળખ બનીને રહે છે સદા "સ્વયમ'ભુ''ચેહરો નિરાકાર.

- અશ્વિન રાઠોડ - ''સ્વયમ'ભુ''
વનાળીયા (હાલ મોરબી)

★★★★★★★

**NOG SS NO. 400**
વિષય : ''ચહેરાની પરિભાષા"
શીર્ષક : "મુખવટો''
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દો:- ૭૨

ચહેરા ઉપર ચહેરો લગાવી લે..
એક સુંદર મજાનો મુખવટો સજાવી લે..
આંસુ પર સ્મિતનો..
નફરત પર વ્હાલનો..
તકલીફમાં ખુશી મઢયો ચહેરો મઢાવી લે..

નથી લેવાનું અહીં કોઈ દર્દ તારું..
મૂંઝાઈને રોવાનું છે છાનુંમાનું..
તો શું કામ ?
કોને?
તારું દર્દ બતાવવાનું ?
તમાચો મારીને ગાલ લાલ તું રાખી લે..

ચહેરાની પરિભાષા ના કોઈને સમજાય ..
અહીં હર કોઈ પોતાની તકલીફમાં ગયું છે ગૂંચવાય..
તો .. મુખવટાની પૃષ્ઠભૂમિમાં
તારી પોતાની યુદ્ધ ભૂમિમાં
લડી લે..
જીતી લે..
જીવનનૈયા પાર તું ઉતારી લે..

માલા કક્કડ(મોરબી)

★★★★★★★

**NOG NO.0059**
વિષય ચહેરાની પરિભાષા
પ્રકાર. પદ્ય્ય
શિર્ષક ચિત્ર વિચીત્ર

જન્મતા ની સાથેજ બાળકના ચહેરાની સરખામણી રોજ ભિન્ન રિતે થાય !

કહે હસમુખો તો કોંઈ કહે રોતલ આ
ચહેરાની વાતો મોટી રોજ થાય

બાળપણથી જ મુખવટો રોજ
ભિન્ન ભિન્ન લોકો ને ભિન્ન ભિન્ન દેખાય !

પરિવાર માં મુખવટાની વાતો રોજ બદલાંઈ પ્યારે ખુલ્યુ નશીબ ભાગ્યવાન નું

મળી નોકરી મોટી નાટક કંપની માં પ્યારે પ્રેક્ષકો કરે વાહ વાહ રોજ !

ચહેરો ચાર્લી ને
મોનાલિશાનો આજ પણ જગમા અકળ ગણાય !

પ્યારે છે જગ બહુ વિચિત્ર અહિ ફાવે તેજ નિસદિન જગતમાં પૂજાય !

જયકાન્ત ઘેલાણી
પ્યારે'.

★★★★★★★

**NOG SS NO: 372**
વિષય : ચહેરાની પરિભાષા
શીર્ષક : વિરતિ
પ્રકાર : ગદ્ય (લઘુકથા) શબ્દો : ૨૭૯

વિરતિ, બાર વર્ષની બાળકી, ખેલતી-કૂદતી સ્કૂલથી આવી. દફ્તર એના રૂમમાં મૂકીને સીધી દોડી એના ડિયર ફ્રેન્ડ દાદુ પાસે અને પૂછ્યું:
''હેં દાદુ, ચહેરાની પરિભાષા એ શું? મારી સ્કૂલમાં આ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા છે.''
દાદુએ દીકરીને માથે વ્હાલ પ્રસરાવતાં જવાબ આપ્યો:
''ચહેરો ફક્ત આંખો, નાક કે હોઠની બનાવટ નથી, બેટા. ચહેરો તો એક અભિવ્યક્તિ છે, જેમાં આંખો બોલે છે, હાસ્ય ગાય છે. ચહેરાની સુંદરતા એ હૃદયનો પડઘો છે. કોઈ જ્યારે ગામના બાળકોને હસાવે, મમ્મીને કે કોઈ અન્યને મદદ કરે, એ બધું ચહેરા પર ઝળકે છે. ચહેરો એટલે ફક્ત શરીરનો ભાગ નહીં, એ તો વ્યક્તિના મનની વાતની અભિવ્યક્તિ છે.''
દાદુની બાજુમાં જ બેઠેલા વિરતિના પપ્પા સુજલ ઊભા થયા, દીકરીને કહ્યું:

''હા બેટા, ચહેરો એ માત્ર આંખ, કાન, નાક અને હોઠનું ચોખટું નથી, પરંતુ મનનું પ્રતિબિંબ છે. આપણી ખુશી સહજ રીતે ચહેરા પર ચળકે છે અને દુ:ખી હોઈએ તો ચહેરો એની પણ ચાળી ખાય છે. હવે ચહેરાની પરિભાષા એ નથી કે લોકો ચહેરો જોઈને તમારી હકીકત સમજી જાય, પરંતુ ચહેરાની સાચી પરિભાષા એ છે કે આપણે ચહેરાથી દુનિયાને શું દેખાડીએ છીએ.''

વિરતિની આંખો ચમકી:

''હં, એટલે ચહેરાના ભાવથી દુનિયા આપણું સુખ-દુઃખ નક્કી ના કરી શકે, પરંતુ આપણે ચહેરાથી જે અભિવ્યક્ત કરીએ એ દુનિયાને દેખાય તે જ ચહેરાની પરિભાષા!''

''હા, બેટા.''

સમય વીતતાં વાર નથી લાગતી. વ્હાલસોયી વિરતિ મોટી થઈ અને જોતજોતામાં પરણીને સાસરે પણ ગઈ. એકવાર એ સાસરેથી આવી. વિચારોના વમળમાં એ અટવાયેલી હતી. કેટલા અરમાનો સાથે પપ્પાએ મોટું ઘર, પ્રતિષ્ઠિત ઘર, સમાજની અપેક્ષાઓ... પણ શું ધોઈ-પીવાના આવા લોકો! ઘરમાં સ્ત્રીની કોઈ ઈજ્જત જ નહીં. કામથી કામ, બીજું કશું નહીં. સોનાનું પણ આખરે પીંજરું!

પરસાળમાં સુજલનો વ્હાલભર્યો અવાજ આવ્યો:

''વિરતિ, દીકરા, તું આવી છે! શું વાત છે!''

ઝટ વિરતિએ આંખોના ખૂણા લૂછ્યા. આજે એણે ચહેરાની પરિભાષા બતાવવાની અગ્નિપરીક્ષા પાસ કરવી હતી.

સંજય બી. મહેતા. (અમદાવાદ)

★★★★★★★

**NOG NO 391**
વિષય ચહેરાની પરિભાષા
પ્રકાર પદ્ય
શબ્દો ૭૪
શિર્ષક પરખાય જાય છે

ચહેરા પરની કરચલીઓ બતાવે છે,
માણસની મહેનત તેના ચહેરા પર જોવાય છે.

ક્યાંક માણસ અટવાઈ જાય છે,
જ્યારે ચહેરાની પરિભાષા મા થાપ ખાય છે.

સફળતા હવે ક્યાં છાની માની બેસી રહે છે,
એતો દરેકનાં ચહેરા પર પરખાઈ જાય છે.

દુ:ખોના ડુંગર માથે જેને પડે છે,
ત્યારે ચહેરો આપોઆપ કરમાઈ જાય છે.

આજે ચહેરાની પરિભાષા પારખી જાય,
આખાં વિશ્વના બધાંજ દુ:ખો દૂર થઈ જાય છે.

પરવેઝ વડનગરી (વડનગર)

★★★★★★★

**NOG SS NO : 003**
વિષય : ચહેરાની પરિભાષા
શિર્ષક : આત્માનું દર્પણ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૧૮૧

" ચહેરો "એ તો આત્માનું અસ્તર છે, જ્યાં મન પોતાના પ્રતિબિંબને શોધે છે. એ કોઈ દર્પણમાં દેખાતો આકાર નથી, એ તો સમયના સ્પર્શથી ઘડાયેલું એક જીવંત મૂર્તિરૂપ છે. દરેક રેખા એક અનુભવોની રેખા છે, દરેક છાંયો એક યાદનો અણસાર.

આંખો એ ચહેરાની ઉંડી ખીણો છે , જ્યાં સ્વપ્નો ઊતરે છે, અને આંસુઓ ઝરણા બની વહે છે. ભ્રૂની વક્રતા કોઈ અધૂરા પ્રશ્ન જેવી છે, જે મનમાં સતત
આભાર - નિહારીકા રવિયા ગુંજે છે; અને હોઠો પરની હળવી સ્મિત કોઈ શાંતિનો મંત્ર લાગે છે, જે અંતરમાં બોલાય છે.

કેટલાંક ચહેરા ચાંદની જેવા શાંત હોય છે. જેમાં પ્રકાશ છે, પણ તાપ નથી. કેટલાંક ચહેરા અગ્નિ જેવા પ્રગટે છે. જે પ્રકાશ પણ આપે છે અને દાઝે પણ છે. ક્યારેક ચહેરો એક પુસ્તક છે, જેમાં શબ્દો નથી, પરંતુ અર્થ અસંખ્ય છે.

સમય પસાર થાય, છતાં ચહેરો સમયને સાચવી રાખે છે. બાળપણની નિર્દોષતા, યુવાનીની ચંચળતા, પ્રૌઢતાની ગંભીરતા, બધું એમાં વસે છે.

ચહેરો એ મનુષ્યના અસ્તિત્વની કવિતા છે. જે કોઈ લખતું નથી, પણ દરેક વાંચે છે.
ચહેરાની પરિભાષા પૂછો તો, એ શબ્દોથી અડગ છે. કારણ કે ચહેરો એ સત્યનો વાસ છે, અને સત્ય કદી શબ્દોમાં પૂરું સમાતું નથી.
મીનાક્ષી રાવલ - સત્ય ની આંખે ( ગાંધીનગર)

# અફઘાનિસ્તાનથી કોઈ આતંકી ભારત નહીં આવે', અફઘાની વિદેશ મંત્રી સાથે મુલાકાત બાદ બોલ્યા મૌલાના મદની



અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકી હાલ ભારતની મુલાકાતે છે. મુત્તાકીએ આજે જમિયત-ઉલેમા-એ-હિન્દના અધ્યક્ષ મૌલાના અરશદ મદની સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ અરશદ મદનીએ જણાવ્યું હતું કે, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધ માત્ર ધાર્મિક અને શૈક્ષણિક નથી, પરંતુ ઐતિહાસિક છે. આપણો સંબંધ માત્ર મદરેસા અને તાલીમ સુધી સીમિત નથી. અફઘાનિસ્તાને ભારતની આઝાદીમાં યોગદાન આપ્યું હતું. આપણા વડવાઓએ ભારતની સ્વતંત્રતાની લડાઈમાં અફઘાનની ભૂમિ પસંદ કરી હતી. અફઘાનિસ્તાને ખાતરી આપી છે કે, અફઘાનિસ્તાનમાંથી કોઈ આતંકવાદી ભારત નહીં આવે. ઉલ્લેખનીય છે, ભારતે અગાઉ અનેક વખત ફરિયાદ કરી છે કે, આતંકવાદીઓ અફઘાનિસ્તાનના માર્ગેથી ભારતમાં પ્રવેશ કરી રહ્યા છે.મૌલાના અરશદ મદનીએ આગળ જણાવ્યું કે, જેમ ભારતે બ્રિટિશ શાસને ઉખેડી નાખ્યું હતું, તેવી જ રીતે અફઘાનિસ્તાને અમેરિકા અને રશિયા જેવી તાકાતોને હરાવી છે. તેઓએ કહ્યું છે કે, અમે તમારી પાસેથી શીખ્યું છે કે, આઝાદી કેવી રીતે હાંસલ થઈ શકે. અફઘાનના વિદેશમંત્રી મુત્તાકી સાથે આ મુલાકાત ભારતીય મુસલમાનો અને દારૂલ ઉલૂમ દેવબંદના અફઘાનિસ્તાન સાથે ઊંડા સંબંધોનું પ્રતીક છે. વધુમાં અરશદ મદનીએ કહ્યું કે ધર્મથી આગળ વધીને વિશ્વના તમામ દેશોમાં સુમેળ અને શાંતિ હોવી જોઈએ. અમારી વાતચીતમાં કોઈ રાજકીય મુદ્દાઓ સામેલ નહોતા, પરંતુ પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ શનિવારે આ મુલાકાત અંગે જણાવ્યું કે, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો ભવિષ્યમાં વધુ મજબૂત બનશે. તેમણે દારુલ ઉલૂમ દેવબંદમાં મળેલા ઉષ્માભર્યા સ્વાગત માટે ભારતના લોકોનો આભાર માન્યો હતો. દારુલ ઉલૂમ દેવબંદને દક્ષિણ એશિયાની સૌથી પ્રભાવશાળી ઈસ્લામિક શૈક્ષણિક સંસ્થા માનવામાં આવે છે. સહારનપુર પહોંચેલા મુત્તાકીએ કહ્યું કે, 'અમે અહીં નવા રાજદ્વારીઓ મોકલીશું અને આશા રાખીએ છીએ કે તમે પણ કાબુલ આવશો. દિલ્હીમાં મને જે પ્રકારનું સ્વાગત મળ્યું છે તેનાથી મને વિશ્વાસ છે કે, ભવિષ્યમાં ભારત-અફઘાનિસ્તાન સંબંધો વધુ મજબૂત બનશે અને ભવિષ્યમાં આવી મુલાકાતો વધશે. દિલ્હીથી રોડ માર્ગે દેવબંદ પહોંચેલા મુત્તાકીનું સ્વાગત દારુલ ઉલૂમ દેવબંદના મોહતમિમ (વાઈસ ચાન્સેલર) અબુલ કાસિમ નોમાની, જમીયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદની અને દારુલ ઉલૂમના અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સેંકડો વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકો મુત્તાકીને મળવા માટે ઉત્સુક હતા, પરંતુ સુરક્ષાના કારણોસર તેમને નજીક જવા દેવામાં આવ્યા ન હતા. મુત્તાકી આ ભવ્ય સ્વાગત અને લોકોનો પ્રેમ જોઈ ખુશ થયા હતા અને આભાર માન્યો હતો.

# પાટણ પોલીસે દિવાળી પહેલા ટ્રાફિક નિયમભંગ કરનારા સામે કાર્યવાહી કરી:બગવાડા ચોક ખાતે સ્પેશિયલ ચેકિંગ ડ્રાઇવ યોજી







પાટણ પોલીસે આગામી દિવાળી પર્વને ધ્યાનમાં રાખીને શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા સઘન કાર્યવાહી શરૂ કરી છે. આ અંતર્ગત, બગવાડા ચોક ખાતે વાહન ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિયમભંગ કરનારા વાહનચાલકો સામે કડક પગલાં લેવાયા હતા.આ ડ્રાઈવનો મુખ્ય ઉદ્દેશ્ય નંબર પ્લેટ વિનાના વાહનો, લાયસન્સ વિનાના ચાલકો અને કાળા કાચ (બ્લેક ફિલ્મ) લગાવીને ફરતા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો હતો. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે તહેવારોના દિવસોમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા કોઈપણ વાહનચાલકને છોડવામાં આવશે નહીં.ચેકિંગ દરમિયાન, નંબર પ્લેટ વગરના વાહનો, ડ્રાઈવિંગ લાયસન્સ વિનાના વાહનચાલકો અને કાયદા વિરુદ્ધ રીતે કાચ પર બ્લેક ફિલ્મ લગાવીને ફરતા ચાલકો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પોલીસે આવા તમામ વાહનચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરી હતી.વધુમાં, તહેવારોના દિવસોમાં બજારોમાં થતી ટ્રાફિકની ગીચતા અને સંભવિત સમસ્યાના નિવારણ માટે પાટણની એ ડિવિઝન પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ પણ યોજવામાં આવ્યું હતું. આ પેટ્રોલિંગનો હેતુ બજાર વિસ્તારમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બનાવવાનો છે.પોલીસે શહેરના લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને પોતાના વાહનોમાં તમામ જરૂરી દસ્તાવેજો તથા નંબર પ્લેટ અવશ્ય રાખવા માટે અપીલ કરી છે. પોલીસ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ પ્રકારની નિયમિત કાર્યવાહી આગામી સમયમાં પણ ચાલુ રાખવામાં આવશે.

## ગાંધીનગરમાં રિક્ષા ગેંગ ફરીવાર સક્રિય : પ્લાઝ્મા રિસર્ચના ટેકનિકલ ઓફિસરને રિક્ષામાં બેસાડી ૭૫ હજારનો મોબાઈલ સેરવી લીધો




ગાંધીનગર પ્લાઝમા રિસર્ચ સંસ્થામાં ટેકનિકલ ઓફિસર તરીકે નોકરી કરતા યુવકને ભાઈજીપુરા પાટિયાથી પથિકાશ્રમ જવા રિક્ષામાં બેસાડી રિક્ષા ગેંગે ૭૫ હજારની કિંમતનો મોબાઈલ ફૉન ચોરી લેવામાં આવતા ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.ગાંધીનગરના રાયસણ શ્લોક રિવેરા સોસાયટીમાં રહેતો ૨૬ વર્ષીય પ્લાઝમા રિસર્ચ સંસ્થામાં ટેકનિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે ૧૦ ઓક્ટોબર ના રોજ લક્ષ્ય સાંજે સવા ચાર વાગ્યાની આસપાસ ભાઈજીપુરા પાટિયાથી પથિકાશ્રમ જવા માટે રિક્ષાની રાહ જોઈ રહ્યો હતો. તે દરમિયાન કોબા તરફથી ય્ન-૨૭-મ્-૨૮૧૨ નંબરની એક ઓટોરિક્ષા આવી હતી.જેમાં પાછળની સીટમાં ત્રણ અને ડ્રાઈવરની બાજુમાં એક એમ ચાર શખ્સો બેસેલા હતા. બાદમાં પથિકાશ્રમ જવાનું કહેતા રિક્ષાચાલકે હા પાડતા લક્ષ્યને પાછળની સીટમાં વચ્ચે બેસાડ્યો હતો. ત્યાંથી રિક્ષા થોડી આગળ વધીને કુડાસણ પાટિયા નજીક પહોંચી ત્યારે પાછળ બેઠેલા શખ્સોએ બેસતા ફાવતું નથી કહી લક્ષ્યને સીટમાં થોડા આગળ-પાછળ થવાનું જણાવ્યું હતું.

આ સમયે લક્ષ્યએ પોતાનો મોબાઈલ ફોન પેન્ટના પાછળના ખિસ્સામાં રાખ્યો હતો.બાદમાં કુડાસણ પાટિયા પાસે ગેંગ રિક્ષા ઉભી રાખી લક્ષ્યને નીચે ઉતારી દઈ ત્યાંથી ફરાર થઇ ગઇ હતી. રિક્ષામાંથી ઉતર્યા બાદ લક્ષ્યએ ખિસ્સામાં ફોન ચેક કરતા તે ગાયબ જણાયો હતો. બાદમાં રિક્ષામાં આસપાસ બેઠેલા છોકરાઓએ જગ્યા બદલવાના બહાને ફોનની ચોરી કરી લીધી હોવાનું તેને માલુમ પડ્યું હતું.આ ઘટનાના પગલે લક્ષ્યએ અન્ય એક બાઈકચાલકની મદદથી રિક્ષાનો પીછો પણ કર્યો હતો .પરંતુ રિક્ષા મળી નહોતી. આ અંગે લક્ષ્ય સાવલીયાએ ઓટોરિક્ષા નંબર ય્ન-૨૭-મ્-૨૮૧૨ ના ચાલક અને તેની સાથેના આશરે વીસથી પચીસ વર્ષની ઉંમરના ચાર અજાણ્યા છોકરાઓ વિરુદ્ધ ૭૫ હજારની કિંમતના મોબાઈલ ફોનની ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## રાજ્ય સરકારના કર્મચારી-પેન્શનર્સને વહેલા પગાર-પેન્શન મળશે પગાર-ભથ્થાં ૧૪, ૧૫ અને ૧૬ ઓક્ટોબરે તબક્કાવાર ખાતામાં જમા થશે



ગુજરાત રાજ્યના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે રાજ્ય સરકારે એક મહત્ત્વનો અને રાહતરૂપ નિર્ણય લીધો છે. ચાલુ વર્ષે દિવાળીનો તહેવાર તા. ૨૦ ઓક્ટોબરના રોજ હોવાથી કર્મચારીઓ અને પેન્શનરો ઉત્સાહપૂર્વક તહેવારની ઉજવણી કરી શકે તે માટે ઑક્ટોબર-૨૦૨૫ માસના પગાર-ભથ્થાં અને પેન્શનની ચુકવણી વહેલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.સામાન્ય રીતે રાજ્ય સરકારના કર્મચારીઓના પગાર જે માસના ચૂકવવાપાત્ર હોય તેના પછીના માસના પ્રથમ ત્રણ કામકાજના દિવસો દરમિયાન સ્ટેગરીગ પ્રથા અનુસાર ચૂકવવામાં આવે છે. જોકે, દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને આ જૂના ઠરાવમાં છૂટછાટ આપવામાં આવી છે. આ નિર્ણય અનુસાર, ઑક્ટોબર-૨૦૨૫ના સરકારી કર્મચારીઓ/પેન્શનરોના પગાર-ભથ્થાં/પેન્શનની ચુકવણી તબક્કાવાર રીતે ૧૪, ૧૫ અને ૧૬ ઓક્ટોબર દરમિયાન કરવામાં આવશે.આ પહેલાં ૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ રાજ્ય સરકારે છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ તા. ૧ જુલાઈ ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય અંતર્ગત સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત દિવાળી પર્વ નિમિત્તે વિવિધ સરકારી કચેરીઓ, બોર્ડ, નિગમો અને પંચાયતો માટે દિવાળીથી લઈને ભાઈ બીજ સુધીની રજાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. જેમાં ૧૯ ઓક્ટોબરથી લઈ સળંગ ૮ દિવસની એટલે કે ૨૬ ઓક્ટોબર સુધીની રજા જાહેર કરી છે. આ રજામાં બે રવિવાર તથા એક શનિવાર સામેલ છે. ૨૧ અને ૨૪ ઓક્ટોબર રજાના બદલે ૮ નવેમ્બર, ૨૦૨૫ અને ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ કચેરી ચાલુ રહેશે. રાજ્ય સરકારના પરિપત્ર મુજબ આ રજાઓ સરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશનો અને પંચાયતો પર લાગુ પડશે. સંબંધિત વિભાગોને આ માહિતી સમયસર કર્મચારીઓને પહોંચાડવા સૂચના આપવામાં આવી છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રપ્રથમના ભાવને ઉજાગર કરતી 'મેરા દેશ પહલે'ની પ્રસ્તુતિએ ગુજરાતમાં જગાવી નવા ભારતની ભાવના





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આકાર લઇ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગર જ્યાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણકહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ ઉદ્યોગ વ્યાપાર જગતના અગ્રણીઓ સર્વશ્રી પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના શ્રી ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ, ઉદ્યોગ-વ્યાપારકારો અને મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી સહિતના વરિષ્ઠ સચિવો અને ઉચ્ચ અધિકારીઓએ આ મંચન માણ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થી તરીકે શરૂ થયેલી સફર સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝિલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા તેમજ વડાપ્રધાનશ્રી તરીકે દેશની સેનાને તેમણે આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા, રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું દ્રશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. લેખક, નિર્માતા અને પ્રસ્તુતકર્તા મનોજ મુંતશિરના રસાળ અને સચોટ સંચાલન સાથે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટ સિટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું.

વિશાળ સંખ્યામાં આ શૉને નિહાળવા ઉમટી પડેલી યુવાશક્તિ અને સમાજ જીવનના અગ્રણીઓની ઉપસ્થિતિએ પુરવાર કર્યુ છે કે, 'મેરા દેશ પહલે' એ માત્ર કોઈ સામાન્ય શૉ નહિં, પરંતુ નવી પેઢીની વિચારધારાનું પ્રતીક બની ગયો છે.'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ શ્રી નરેન્દ્ર મોદીની દેશભરમાં થઈ રહેલી આ પ્રસ્તુતિ એ વાતનું પ્રમાણ છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'નેશન ફર્સ્ટ'ની ભાવના હવે ઐતિહાસિક સાંસ્કૃતિક આંદોલન બની ગઈ છે તેમાં વડાપ્રધાનશ્રીની વતનભૂમિ ગુજરાતના યુવાઓ સહિત સૌ કોઈ ઉત્સાહથી જોડાઈ રહ્યાં છે

## ધાનેરા પોલિસે લવારા ગામ પાસે પોષડોડા ભરેલ ગાડી ઝડપી પાડી: આરોપી ફરાર



ધાનેરા પોલિસના માણસો થાવર ત્રણ રસ્તા ઉપર વાહન ચેકિંગમાં હતા ત્યારે ધાનેરા તરફથી આવતી મારૂતી સુઝુકી કંપનીની વિટારા બ્રેજા ગાડી. રજી નં ય્ન ૩૮ મ્ ૪૩૫૭ ને ઉભી રખાવવાનો ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી નેનાવા તરફ જતા રસ્તે ભગાડી મુકતા પોલિસે આ ગાડીનો પીછો કરતા આ બ્રેજા ગાડી લવારા ચેક પોસ્ટ થી આશરે ૫૦૦ મીટર પહેલા હાઈવે રોડ ઉપર સાઇડમાં પડેલી જોવા મળેલ જેથી પોલિસે આ ગાડી પાસે જાઇ જોતા આગળના ભાગેથી બંપર તુટેલુ જેની પાસે એક નંબર પ્લેટ પડેલ હોય જેના ઉપર રજી નં. ય્ન ૩૮ મ્ ૪૩૫૭ લખેલ હોય અને ગાડીનું ડ્રાઈવર સાઇડનું ટાયર નિકળેલી હાલતમાં પડેલ હોય અને ગાડીની અંદર કે આજુબાજુ કોઈ ઈસમ હાજર ના હોય જે ગાડીની વચ્ચેની સીટમાં તથા ડીકીની અંદર કાળા કલરના પ્લાસ્ટીકના કટ્ટા માં પોષડોડા જેવો એન.ડી.પી.એ સ લગત માદક પદાર્થ ભરેલ હોય જેથી જેની જાણ ધાનેરા પોલિસ ઈસ્પેક્ટર એમ. જે. ચૌધરીને કરતા તેઓ પોતાની ટીમ સાથે ઘટના સ્થળે પહાંચી તપાસ કરતાં તેમાં પોષડોડા જોવા મળતા સરકારી પંચો બોલાવી તપાસ કરતાં આ ગાડીમાંથી ગે.કા અને વગરપાસ પરમીટે માદક પદાર્થ પોશડોડા કુલ વજન ૭૨.૧૦૦ કી.ગ્રા જેની

કિ.રૂ. ૨.૧૬.૩૦૦ નો તથા મારૂતી સુઝુકી કંપનીની વિટારા બ્રેજા ગાડી રજી નં ય્ન ૩૮ મ્ ૪૩૫૭ ની કી.રૂ ૫,૦૦,૦૦૦ એમ કુલ કી રૂ. ૭.૧૬,૩૦૦ નો મુદ્દામાલ મળી આવેલ જેથી પોલિસે આ માલ કબ્જે લઈ ગાડીના અજાણ્યા ચાલક સામે તથા તપાસ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.